

સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**શ્રી વચનામૃત સારંગપુર-૭ : 'નૈમિષારણ્ય ક્ષેત્રનું'નું નિરૂપણ**
**૮ જૂન ૨૦૨૪, 'અક્ષરમહોલ', બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**આજે** 'વચનામૃત' સરસ છે – 'નૈમિષારણ્ય ક્ષેત્રનું'. આમ જોવા જઈએ તો મોટા પુરુષને બધું ગમતું હોય, તેમને ગમતું–અણગમતું કંઈ હોય જ નહીં. પણ એમની રુચિ આપણને કહે કે, આમાં મારી રુચિ છે. એમ, યોગીબાપા 'મધ્યનું ૬૩ વચનામૃત' બહુ સમજાવતા કે, માણસના જીવને તત્કાળ બળ કેવી રીતે મળે ! ઘણા કહેતા કે, 'બાપા, કરવું છે પણ થતું નથી. વર્તવું છે પણ વર્તાતું નથી. પાળવું છે પણ પળાતું નથી, જવું છે પણ જવાતું નથી.' ઘણા એવા ઢીલા હોય. એ આત્માની નબળાઈ બતાવે છે. 'મધ્યના ૬૩ વચનામૃત'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને જણાવ્યું કે, 'આત્માને તત્કાળ બળ પમાડવું હોય તો ભગવાનના સાધુની અને ભક્તોની મન, કર્મ, વચને સેવા કરો તો જીવ તત્કાળ બળને પામી જાય.' સાધુને, ભક્તને મને કરીને નિર્દોષ માનો, વચને કરીને ગુણગાન ને મહિમા ગાવ અને કર્મે કરીને – યુવાન હોવ તો દોડાદોડી કરીને સેવા કરો અને કમાતા હોવ તો એમના અર્થે ૧૦ ટકા સેવા કરો; તો ભગવાન એનાથી રાજી થાય. અને ભગવાન રાજી થાય તો જીવ બળિયો થઈ જાય.

ગુણાતીતાનંદ સ્વામીએ પહેલા પ્રકરણની પહેલી 'વાત'માં કહ્યું, "ભગવાન ને સાધુના મહિમાની વાતું નિરંતર કરવી ને સાંભળવી. ને મહારાજ તો પોતાનું અક્ષરધામ ને પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય તે લઈને આંહી પધાર્યા છે. તે એવા ને એવા જ છે. ને દેહ મૂકીને જેને પામવા છે, તે આજ દેહ છતા મળ્યા છે, કાંઈ બાકી નથી; ને એમ ન સમજાય તેથી જીવમાં દુર્બળતા રહે છે." જોયું, ભગવાનના સાધુના ને ભગવાનના ભક્તની મહિમાની વાતો શાથી નિરંતર કરવી અને સાંભળવી? તો, પોતાનું અક્ષરધામ એટલે કે, જેમના દ્વારા તેઓ બ્રહ્માંડમાં પ્રગટ રહેવાના છે એવા પોતાના સાધુ ને શાસ્ત્ર ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય લઈને તેઓ પધાર્યા છે; એવું જો સમજાય તો જીવ તાકાતવાળો થાય ને એવું ના સમજાય તો જીવમાં દુર્બળતા રહે છે. ભગવાનનો, સાધુનો, ભક્તનો જેવો છે તેવો મહિમા સમજતા નથી એ જીવની દુર્બળતા છે. એ દુર્બળતા ટાળવી કેવી રીતે ? તમારા શરીરમાં નબળાઈ શાથી છે ? એ ડાયોગ્નાઈસ થાય પછી દવા તો છે જ ! તમે ઢીલું ઢીલું ચાલતા હોવ, પણ ડૉક્ટર દવા આપે એટલે બીજા દિવસે સાજા થઈ જાવ. આ દેહની દુર્બળતા ડૉક્ટરો ટાળે, કારણ, આપણું મૅડિકલ સાયન્સ છે. પણ, જીવમાં દુર્બળતા હોય, આત્માની દુર્બળતા હોય, તે ટાળવા માટે મૅડિકલ સાયન્સ પાસે કશું જ નથી.

એક દીકરીને અંધારામાં રહેવાનું થાય તો તાવ આવી જાય, બહુ બીક લાગે. પછી તેને ધૂન શિખવાડી. એ સ્વામિનારાયણ સત્સંગી હતી નહીં, પણ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરી. પછી તેને કહ્યું, 'રૂમમાં ધૂન કરતી કરતી લાઈટ બંધ કરી પલંગમાં સૂઈ જજે અને સવારે કહેજે, તારી જોડે કોઈ ભૂત કે કશું આવશે નહીં.' સવારમાં તે હસતી હસતી આવી, એના મગજમાંથી ભૂત નીકળી ગયું. તે કોઈ ડૉક્ટર પાસે ગઈ હોત તો ડૉક્ટર કહેત કે, 'કોઈ મનોચિકિત્સકને બતાવો.' મનોચિકિત્સક કહેત કે, 'તમારા મગજનો એમ.આર.આઈ. કઢાવો, બ્લડ ટૅસ્ટ કરાવો.' પછી બધું ચૅક કરીને ગોળીઓ આપત. પણ મગજનું ભૂત કોણ કાઢે ? આત્માની નબળાઈ કોણ કાઢે ? ધૂન ! માટે આત્માની દુર્બળતા ટાળવા ભજન કરવું. એટલે નબળાઈ ટાળવા શ્રી સ્વામિનારાયણ ભગવાને, યોગીજી મહારાજે સેવા કરવાનું, ધૂન કરવાનું કહ્યું.

અમે બધા યુવાનો, ભણતા ભણતા યોગીબાપા સાથે હેત-પ્રેમથી જોડાયા. યુવાનોનો મોટામાં મોટો પ્રોબ્લૅમ શું ? છોકરીઓનું આકર્ષણ, સિનેમાનું આકર્ષણ, રજોગુણ હોય એટલે સારાં કપડાંનું આકર્ષણ; બિચારા યુવાનો આમાં પિસાયા કરે. બીજાનાં સારાં કપડાં

જુએ તો થાય કે મારે પણ સારાં કપડાં જોઈએ છે. ના મળે તો દુણાયા કરે. છોકરીઓનું આકર્ષણ હોય, તેથી ભણવામાં બેધ્યાન થઈ જાય. એવાં આકર્ષણને દબાવીને ભણવામાં ધ્યાન આપે એ માટે આત્મામાં તાકાત જોઈએ. હવે યુવાનોને 'આવું નહીં કરવાનું, ભણવાનું' એવો તમે ઉપદેશ કરો, પણ અંદર આવું થતું હોય એનું શું કરે ? એનાથી એમને કોણ બચાવે ? યોગીબાપા યુવાનોને એવું કહેતા નહીં કે ના કરશો, પણ બાપા એમને સેવા કરવા લગાડી દે. મંદિરની સફાઈ, જાજરાં-બાથરૂમ સાફ કરવાનાં, પીરસવાનું, વાસણ અજવાળવાનાં, બધા જમી રહે પછી ચોકા સાફ કરવાના - આવી બધી સેવાઓ કરાવી યોગીબાપાએ યુવાનોની યુવાની જિતાડી દીધી. 'મધ્યના ૬૩ વચનામૃત'માં કહ્યું તેમ ભગવાનના સાધુ, ભગવાનના ભક્તની નિર્દોષભાવે મન-વચન-કર્મે સેવા કરો તો જીવ તત્કાળ બળને પામી જાય. એમાં બે-પાંચ-પચ્ચીસ વરસ ના લાગે. તમે સેવા કરો એટલે બળ મળી જ જાય, નબળાઈમાંથી તમે બહાર નીકળી જ જાવ.

એવું શાસ્ત્રીજી મહારાજની રુચિવાળું 'નૈમિષારણ્ય ક્ષેત્રનું' આ વચનામૃત ! શાસ્ત્રીજી મહારાજ ઘણી વખત વંચાવતા. હિમાલયમાં એક એવો આશ્રમ છે, એવી જગ્યા છે કે જેનું 'નૈમિષારણ્ય' નામ આપેલું છે. ત્યાં તમે આશ્રમની સાત માઈલની રૅન્જમાં પ્રવેશો, જાવ તો તમને એકદમ શાંતિ શાંતિ થઈ જાય. જેમ અત્યારે બહાર કેટલો બધો તાપ છે ? પણ અહીં હૉલના દરવાજામાંથી અંદર પ્રવેશો એટલે વાતાવરણ એકદમ ઠંડું લાગે. એમ, જે ફિલ્ડમાં તમે જાવ, એની તમારામાં માનસિક રીતે અસર થાય. આપણને થાય કે, એવું શું હશે ? તો સત્પુરુષની ત્યાં હાજરી ! ભગવાન અથવા ભગવાનધારક સાધુ જ્યાં હાજર હોય ત્યાં આખું વાતાવરણ નૈમિષારણ્ય ક્ષેત્ર બની જાય. જ્યાં તમારી બધી વૃત્તિઓમાં જે રાગ છે, વિષય છે તે ખસી જાય ને તમારા આત્માનો જે ખરો આનંદ છે તે પ્રગટ થાય; એ નૈમિષારણ્ય ક્ષેત્ર ! એનું આ વચનામૃત છે.

**અને શ્રીજી મહારાજે શ્રીમદ્ ભાગવત પુરાણના પ્રથમ સ્કંધની કથા વંચાવવાનો આરંભ કરાવ્યો હતો. ત્યારે તેમાં એમ વાર્તા આવી જે, જ્યાં મનોમય ચક્રની ધારા કુંઠિત થાય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું.**

મનોમય ચક્ર એટલે મન-ઇન્દ્રિયોની ધારા કુંઠિત થાય એટલે જગતનું બધું નકારાત્મક વિચાર કરવાનું જ્યાં છૂટી જાય એને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું.

**મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, હે મહારાજ ! એ મનોમય ચક્ર તે શું છે ને એની ધારા તે શી સમજવી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દશ ઇન્દ્રિયો છે એમ જાણવું.**

મન-મનોમય ચક્ર ફરતું જ હોય. આપણું મન તમે જુઓ, અહીં બેઠા છીએ તોય ઈંગ્લૅન્ડ, અમેરિકા જ્યાં તમે ગયા હોવ ત્યાં બધેય આંટા મારી આવે. એટલે એને મનોમય ચક્ર કહ્યું. પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિય એમ દસ ઇન્દ્રિયો એ ચક્રના આરા છે. નાક, કાન, આંખ, જીભ અને ત્વચા જેનાથી જ્ઞાન થાય. ત્વચા-સ્પર્શનું જ્ઞાન થાય, કાન-શબ્દ સાંભળીને સંદેશો મગજને પહોંચાડે. એવી પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય એ મનોમય ચક્રના દશ આરા છે.

**અને તે ઇન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિન-દિન પ્રત્યે વૃદ્ધિ પામે. એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું.**

જોયું ! આપણને એમ થાય કે, બધા ઋષિકેશ -હરિદ્વાર કેમ જાય છે ? ગોંડલ, વડતાલ, પાલીતાણા કે જૂનાગઢ કેમ જાય છે ? ઘણા ડાહ્યા

જ્યાં તમારી બધી વૃત્તિઓમાં જે રાગ છે,
વિષય છે તે ખસી જાય
ને તમારા આત્માનો જે ખરો આનંદ છે
તે પ્રગટ થાય;
એ નૈમિષારણ્ય ક્ષેત્ર !





**ભગવાન અથવા ભગવાનધારક સાધુ**
**જ્યાં હાજર હોય ત્યાં**
**આખું વાતાવરણ**
**નૈમિષારણ્ય ક્ષેત્ર બની જાય.**

એવું કહે કે, 'ઘરે બેસીને ભજન નથી થતું ? મંદિરે શું કામ જાય છે ?' એવાને કહીએ કે, 'ઘરે રહીને નથી ભણાતું ? સ્કૂલે શું કામ જઉં છું ?' ઘરમાં ભણવાનું વાતાવરણ ના હોય – મહેમાનોની અવરજવર થતી હોય, જગતની વાતો થતી હોય એમાં ભણાય નહીં. કૉલેજ કે સ્કૂલમાં જાવ તો સરખેસરખા છોકરાઓ હોય એમની સાથે સ્માર્ટનેસ આવે, શિસ્ત આવે, પૉલિશ થાય. બુદ્ધિમાન તો થાય પણ સાથે ત્યાંના વાતાવરણની અસરથી તેના વ્યક્તિત્વનો વિકાસ થાય. આવી બધી પ્રગતિ કરાવવી હોય તો સ્કૂલમાં, કૉલેજમાં જવું પડે. એમ, ભક્તિ ઘરે પણ થાય, મહારાજે ના નથી પાડી. પણ, મંદિરે કે આશ્રમમાં જવાથી ભક્તિમાં આનંદ આવે. એટલે બધા આશ્રમમાં જતા હોય છે, મંદિરે જઈને ધ્યાન-પ્રાર્થના કરતા હોય છે. ત્યાં સાધુ-સંતો-ભક્તો બધા એવું જ કરતા હોય એટલે એમની સાથે રહીને આપણને વધારે ઉત્સાહ-ઉમંગ પ્રગટતો હોય છે. તો, એવું નૈમિષારણ્ય ક્ષેત્ર કયું ? તો જ્યાં મહારાજ બિરાજમાન હોય, સંતો બિરાજમાન હોય !

આ મંદિરમાં ૨૦૨૦માં મૂર્તિપ્રતિષ્ઠા કરી. તે પછી કોઈ દિવસ અહીં આવીને કોઈએ ભારત દેશનો વિકાસ આમ થશે અને આમ કરી નાખીએ એવી જગતની કોઈ વાતો કરી નથી. કોઈના ઘસારાની વાતો થતી નથી. કોઈના દોષની ચર્ચા નહીં, કોઈની ટીકાટિપ્પણ નહીં; કેવળ ને કેવળ ભગવાનની ધૂન-ભજન-પ્રાર્થના અને કથાવાર્તા થાય છે. એને લઈને સમગ્ર વાતાવરણમાં પ્રભુની દિવ્યતા પ્રસરતી હોય છે ! તેથી અહીં આવીને આપણે બેસીએ એટલે આપણને વિના પ્રયાસે ધ્યાન થઈ જાય, ધ્યાન કરવા માટે પ્રયત્ન ના કરવો પડે. આખું વાતાવરણ ધ્યાન કરવાને યોગ્ય તૈયાર જ છે. જ્યાં એવા સત્પુરુષ છે એ નૈમિષારણ્ય ક્ષેત્રરૂપ છે. કારણ કે, એવા સત્પુરુષ જ્યાં હાજર હોય ત્યાં એમની હાજરીથી, એમનાં આંદોલનથી જ નકારાત્મક ભાવો-નૅગેટિવિટી જતી રહે, દિવ્યતા પ્રગટી જાય. તો કેવી રીતે ? તો જેમ જગતનાં તોફાની તત્ત્વ કે ચોર પોલીસ કે ડી.એસ.પી. પાસે ઊભાં જ ના રહે, એમનાથી દૂર જતાં રહે. એમને કહેવું ના પડે કે તમે જતાં રહો, તેઓ ભાગવાં જ માંડે. એટલે ઘરે સંતોની પધરામણી કરાવવાની. જે સંતોએ ઘરસંસાર છોડ્યો છે, ઘરની વાત છોડી છે, જેમાં એમને કોઈ રસ નથી, એવા સંતોને આપણા ઘરે આવવામાં શો રસ હોય ? પણ ભક્તોનો ભાવ હોય એટલે ઘરે આવે. એવા સત્પુરુષ-ભગવાનધારક સાધુ ઘરે આવીને ઊભા રહે તો એમની હાજરીથી આખું ઘર દિવ્યતાસભર થઈ જાય, વાતાવરણ દિવ્ય થઈ જાય. અને પછી એ ઘરમાં જેઓ રહેતા હોય એમને ભજન-ભક્તિમાં સરસ કામ લાગે. સંતોની પધરામણી થાય એટલે ત્યાં એમની દિવ્યતા વ્યાપે.

તમને ખબર હશે, ૧૯૪૫માં અમેરિકાએ ઍટમ બૉમ્બનો પહેલામાં પહેલો પ્રયોગ જાપાન પર કર્યો. તેથી વર્લ્ડ વૉર બંધ થઈ ગઈ, પણ જાપાનના નાગાસાકી અને હિરોશિમા પર બૉમ્બ પડ્યા ત્યાં તો હજારો માણસ મરી ગયાં. જાપાન તો ટાપુ છે તેથી દરિયામાં રૅડિયો ઍક્ટિવ કિરણો ભળ્યાં તેનાથી તાઈવાન, ચાઈના ને સામે કિનારે જેઓ નહાતાં હતાં તેમનાય વાળ ખરી પડ્યા. હજી આજની તારીખે પણ ત્યાં ડિસેબલ છોકરાં જન્મે છે. એટલે જે માણસ ભણેલાં છે, જેમને ખબર છે, જેમને સાયન્સની દૃષ્ટિ છે, તેઓ ઍટમ બૉમ્બથી ઘબરાય છે. કારણ કે, એક વખત ઍટમ બૉમ્બ ફૂટે તો પાંચ-પચાસ હજાર માણસ મરી જાય. મરી જાય એ તો ખરાબ બાબત જ છે, પણ પછી લાંબા સમય સુધી એની ખરાબ અસર માનવજાતિ પર પડે છે, અને એ ભયંકર છે. એટલે માણસો ઍટમ બૉમ્બથી ધ્રૂજી જાય છે. જો સામાન્ય ઍટમ બૉમ્બ પડે તો એની અસર વર્ષો સુધી રહે, તો આ ભગવાનના સાધુ તો ઍટમ બૉમ્બથી હજારોગણી તાકાતવાળા છે, તો એમની તાકાત આ વાતાવરણમાં અને આપણાં મગજ પર કેટલાં વર્ષો સુધી રહે, તમે વિચાર કરો ! એટલે મંદિરે દર્શન કરવા આવવાનું, ભક્તો સાથે બેસવાનું, સભામાં બેસવાનું ; એની આત્મા પર સખત અસર થતી હોય છે.

'નૈમિષારણ્યક્ષેત્ર'નું વર્ણન છે કે, જ્યાં મન અને દસ ઇન્દ્રિયો-પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયોની ધારા કુંઠિત થઈ જાય. ગુજરાતીમાં કહેવત છે કે, 'જેણે મન જીત્યું એણે જગત જીત્યું.' પણ, મન જીતવું કેવી રીતે ? એ કંઈ નટ-બૉલ્ટ નથી કે ખોલીને તેને પૅક કરી દઈએ. મનને કોઈ દિવસ જિતાય નહીં. એમ કહેવામાં આવે કે, 'આંખ મીચીને ધ્યાન કરો અને કોઈએ વાંદરાનું ધ્યાન કરવાનું નથી.' તો બધાંનાં મગજમાં વાંદરાના જ વિચારો આવશે. ધ્યાનમાં મન વાંદરું જ પકડી લાવશે. એટલે જે ના કહે એ જ મન કરે. તમે વિચાર કરો, એવા મનને વશ કેવી રીતે કરવું ? મનને વશ કરવું હોય તો મહારાજે કહ્યું, એવા સત્પુરુષ જ્યાં બિરાજમાન હોય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર છે. ત્યાં મનની ધારા બુઠ્ઠી થઈ જાય. એટલે ત્યાં તપ, ત્યાગ, ધ્યાન કરીએ તો આધ્યાત્મિક ઉત્થાન માટે તેનાથી આપણને સારામાં સારું રિઝલ્ટ મળે.

**એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું.**

મહારાજે ફરી નિર્દેશ કર્યો કે, પરમ એકાંતિક સાધુ જ્યાં રહેતા હોય એ નૈમિષારણ્ય ક્ષેત્ર ! પછી એ એક નૈમિષારણ્ય ક્ષેત્ર ના રહ્યું. કોઈ પણ સંપ્રદાયમાં એવા ઓલિયા સાધુ હોય ત્યાં જઈને તમે બેસો તો કહેવું નહીં પડે, તમને શાંતિ શાંતિ થઈ જશે. તો એવા સંતને, સાધુને ઓળખવા કેવી રીતે ? રૂડા રૂપાળા હોય, વૅલ ડ્રેસ્ડ હોય, મર્સિડિઝ કે રૉલ્સરૉય ગાડીમાં ફરતા હોય, તેઓ જતા હોય તો પાંચ ગાડી આગળ ને પાંચ ગાડી પાછળ હોય, મોટા બંગલામાં રહેતા હોય, મોટા મોટા મિનિસ્ટરો, લક્ષાધિપતિઓ ને મોટાં મોટાં માણસો જેમની આજુબાજુ ફરતાં હોય, જાહોજહાલી હોય, તેઓની પાસે લાખો માણસો ભેગાં થતાં હોય, દોઢ-બે મહિને અપૉઇન્ટમૅન્ટ મળતી હોય - એટલે એ બહુ મોટા સાધુ છે ? સાધુની આ ઓળખ છે ? ના, એ સાધુની ઓળખ નથી. એ ઓળખ, એ બૅરોમીટર તો જગતનું છે. આપણે જગતમાં રહીએ છીએ માટે મટિરિયાલિસ્ટિક જીવનમાં જે બૅરોમીટર છે એ જ બૅરોમીટર આપણે સાધુ પર લગાવીએ છીએ. પણ ના, એ બૅરોમીટર સાચું નથી. મોટા બંગલામાં રહે-ના રહે એનો સવાલ નથી, એમને જ્યાં રહેવું ત્યાં રહે, સાધુ તો સ્વતંત્ર છે. પણ સાધુને ઓળખવા કેવી રીતે ? તો પહેલામાં પહેલું નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું, 'શાંતિ પમાડે તેને સંત કહીએ.' તમે એમની પાસે જાવ તો શાંતિ થાય. શાંતિ ક્યારે થાય ? અંદર રહેલું પેલું મન કૂદકો મારતું બંધ થઈ જાય, શાંત થઈ જાય તો શાંતિ થાય.

અહીંયાં મંદિરમાં દાખલ થયા તો એવું કહેવું પડે, બહાર બૉર્ડ કે પાટિયું મૂકવું પડે કે, 'અમારો આ 'અક્ષરમહોલ' એ ઍરકંડિશન્ડ હૉલ છે !' તોય બધા કહે કે, 'ઍરકંડિશન્ડ હૉલ છે.' આપણે પૂછીએ કે, 'કોણે કહ્યું એમને ?' એમાં કહેવાનું શું ? બહાર ગરમી છે ને અહીં બેઠા તો ઠંડક થઈ તો ઍરકંડિશન જ છે ને ! એમ, 'શાંતિ પમાડે તેને સંત કહીએ.' - એવા સાધુ પાસે જઈએ તો શાંતિ થાય. સાધુને મળવાથી-સાધુને ઓળખવાથી તરત શાંતિ થાય. પછી તેમની સાથે વાતચીત કરતાં આપણા મનનાં, બુદ્ધિનાં સમાધાન મળે. અને પછી એમની આજ્ઞા પાળતાં આપણે બદલાતાં જઈશું. તો એ સાચા સાધુની નિશાની છે ! અને એવા સાધુ નૈમિષારણ્ય ક્ષેત્રરૂપ છે. એટલે અહીં બ્રહ્મજ્યોતિ રહેવા આવવાનું, ખ્યાલ આવ્યો ? અશ્વિનભાઈ ને સંતો એટલે સૌને આ શ્રી ઠાકોરજીના સાંનિધ્યમાં બોલાવે છે. ઘરે તમે ધૂન-ભજન કરો અને અહીંયાં કરો તેમાં ફેર પડે, એટલી તાકાત ઠાકોરજીના સાંનિધ્યમાં છે ; એ નૈમિષારણ્ય ક્ષેત્ર !

મનની ધારા બુઠ્ઠી થઈ જાય. બુઠ્ઠી થઈ જાય એ માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને દાખલો આપ્યો છે. જેમ તીર હોય, તેમાં આગળ એનું ભાલોડું હોય. સામે મારો એટલે ખચ દઈને અંદર પેસી જાય. પણ આગળનું ભાલોડું કાઢી લો પછી તમે બાણ મારો તો ઠપ દઈને નીચે પછડાય. કારણ કે, ભાલોડાની આગળની જે તીક્ષ્ણતા એ નીકળી ગઈ એટલે એ બુઠ્ઠું થઈ

ભગવાનધારક સાધુ ઘરે આવીને ઊભા રહે તો
એમની હાજરીથી આખું ઘર દિવ્યતાસભર થઈ જાય,
વાતાવરણ દિવ્ય થઈ જાય.
સંતોની પધરામણી થાય એટલે ત્યાં
એમની દિવ્યતા વ્યાપે.





**સાધુને મળવાથી-સાધુને ઓળખવાથી તરત શાંતિ થાય.
પછી તેમની સાથે વાતચીત કરતાં
આપણા મનનાં, બુદ્ધિનાં સમાધાન મળે.
અને પછી એમની આજ્ઞા પાળતાં
આપણે બદલાતાં જઈશું**

ગયું. તેથી કોઈ જગ્યાએ તે ભરવાય નહીં. એમ, મનની ભરવાવાની, હલવાવાની જે તીક્ષ્ણતા એ સત્પુરુષની પાસે તપ કરવાથી બુઠ્ઠી થઈ જાય, પછી મન કોઈ જગ્યાએ ભરવાય નહીં. મનની ધારા બુઠ્ઠી થાય એની સાથે દશ ઇન્દ્રિયો-પાંચ કર્મેન્દ્રિય ને પાંચ જ્ઞાનેન્દ્રિય એ પણ બુઠ્ઠી થાય. એટલે પછી એને સ્પર્શ-એક ભગવાન ને સત્પુરુષનો જ ગમે. સ્વાદ-ભગવાનની સ્મૃતિ સહિત પ્રસાદ જમે એનો જ એને સ્વાદ આવે. દર્શન-જોવાના તો બધાને છે, પણ બધામાં રહેલા પ્રભુનાં દર્શન કરે. સાંભળવાની-કથાવાર્તા, ગુણગાન ને મહિમાની વાતો જ ગમે, એ સિવાયની કોઈ વાત હોય તો એને ગમે નહીં-એ કાનની વૃત્તિ બુઠ્ઠી થઈ ગઈ કહેવાય. આ રીતે પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય ભગવાન રાજી ના થાય એવી પ્રવૃત્તિ ના કરે; આવું થાય એટલે માણસ સુખિયો થઈ જાય.

**અને જ્યારે મનોમય ચક્રની ઇન્દ્રિયોરૂપ જે ધારા તે બૂઠી થઈ જાય ત્યારે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ...**

શબ્દ-કોઈ કહે, 'અહોહો તમે તો કનૈયા કુંવર જેવા છો !' તો ફૂલીને ફાળકો નહિ થવાનું. અને બીજો કહે, 'સાવ ડોબા જેવો છું.' તો આપણે કહેવાનું કે, 'કો'ક જન્મે તો ડોબો હોઈશ ને ! તમે કહી દીધું તે સારું થયું.' કોઈ કહે, 'મારા હારા' તો એવું કહેવાનું, 'ઓહોહો...! તમારા જેવા બનેવી ક્યાંથી ?' એટલે પેલો શરમાઈ જશે. યોગીજી મહારાજ એક હરતીફરતી યુનિવર્સિટી હતા. એમણે જુવાનિયાઓમાં ગુસ્સો ને જે બધું હતું એમાંથી બહાર કાઢીને સાચી દૃષ્ટિ આપીને સાધુતાના ગુણે જીવન જીવતાં શિખવાડ્યું. કોઈ સારું કહે તોય ભગવાનને માથે અને કોઈ ખરાબ કહે તો એવો તો હું છું જ નહીં પછી મારે શું ફિકર કરવાની ? શબ્દ પછી સ્પર્શ. સ્પર્શ-ભગવાનનો ગમે. જેનો સ્પર્શ થાય તો અમારા સ્વામિનારાયણ પ્રભુનો સ્પર્શ ! રૂપ-પ્રભુનું રૂપ, મહારાજની મૂર્તિનું રૂપ! ઓહોહો ભગવાને આને કેટલું સુંદર રૂપ આપ્યું છે ! એવા ભાવથી તમે જોશો તો એમાં રહેલું જે આકર્ષણ – જે ભૂખ એ તમારી નીકળી જશે.

તમે જુઓ, અત્યારે કોઈ તમને પેંડો આપે, તો કહીએ કે, 'ના ભાઈ, ડાયાબિટીસ છે તેથી નહીં ખવાય.' પણ એ જ માણસ પેંડો લઈને આવે ને કહે કે, 'લ્યો પ્રસાદ છે, તો તરત હાથ ધરીએ.' એની એ જ વસ્તુ પ્રસાદના રૂપમાં તમને મળે તો તરત હાથ લાંબો કરીએ. તો શો ફરક પડ્યો ? પ્રભુ પાસે ધરાવીને આવેલી વસ્તુ 'પ્રસાદ' કહેવાય. હવે શું પ્રસાદ કહેવાય ? ભગવાન પાસે જે થાળ મૂકો તેનું વજન કરીને મૂકજો, અને ભગવાનને ધરાવ્યા પછી તેનું વજન કરશો તો એમાં કશો ફરક નહીં પડ્યો હોય. પણ તેમાં જે સ્પિરિચ્યુઅલ રિએક્શન થાય એ મટિરિયલ સાયન્સવાળાને ખબર નહીં પડે. જગતની રીતે જોઈએ તો તે બરાબર છે, સાચો છે, પણ આધ્યાત્મિક રીતે જોઈએ તો એમાં રહેલાં જે નકારાત્મક તત્ત્વો, માનવ શરીરને દુઃખી કરાવે એવી બધી વસ્તુઓ, એની પર ભગવાનની દૃષ્ટિ પડે એટલે પ્યૉર થઈ જાય. જે માણસ એ પ્રસાદ લે એના શરીરમાં દિવ્યતા ડૅવલપ થાય. જેણે પ્રસાદ ધરાવ્યો છે, એનો ભાવ ભગવાન સ્વીકાર કરે છે અને એ પ્રસાદમાં રહેલી સ્થૂળતા અને માનવજીવનને હાનિકારક વસ્તુઓ સાફ થઈ જાય છે.

તે કેવી રીતે ? તો તમે જુઓ તો, ઘણા પૅશન્ટને જોવા તમને હૉસ્પિટલમાં જવા ના દે. ભલે તમે ચોખ્ખાં કપડાં પહેરીને જાવ તોય તમને ના જવા દે; કારણ કે, દર્દીની ઇમ્યુનિટી એટલી લૉ થઈ ગઈ હોય કે એમને ઇન્ફેક્શન થઈ જાય. ઇંગ્લૅન્ડમાં એક વખત આપણા એક સત્સંગી ભાઈ બીમાર હતા. એમની ઇમ્યુનિટી એટલી બધી લૉ થઈ ગઈ હતી કે, હૉસ્પિટલમાં કોઈને એમને મળવા જવા ના દે. અમારે એમને મળવા જવું હતું, તેથી હૉસ્પિટલ ગયા. જાણ્યું કે, ભારતથી આવ્યા છે અને સગા છે એટલે અમને પરમિશન આપી. પણ એમણે એક ટનલ બનાવીને એમાંથી અમને પસાર કર્યા ને પછી અમે મળવા ગયા. એ ટનલમાં નરી આંખે દેખાય નહીં એવાં રેઈઝ પસાર થતાં હતાં. એમાંથી પસાર થયા એટલે માથાના વાળથી લઈ આખા શરીર પર રેઈઝ પસાર

થયાં. એટલે કપડાં-વાળ ઉપર ઈમ્યુનિટીને લીધે ઈન્ફેક્શન કરે એવા બધા બૅક્ટેરિયા મારી નાખ્યા. આપણને તો કંઈ ખબર પણ ના પડે. આપણે તો એવા ને એવા જ હોઈએ. આપણાં કપડાંને ડાઘો પણ ના પડે. ટનલની રેઈઝ થેરાપીમાંથી પાસ થયા તો બધા બૅક્ટેરિયા મરી ગયા એની ખબર પણ ના પડે. પણ હવે પૅશન્ટને નો પ્રૉબ્લેમ ! એમ, ભગવાન પાસે જે મૂકીએ છીએ, ધરાવીએ છીએ એ ભાવ ભગવાન ગ્રહણ કરી, એમાં દિવ્યતાનો ભાવ ઉમેરીને આપણને પહોંચાડે છે. અને એ દિવ્યતા આપણામાં કામ કરે છે; એટલે પ્રસાદની કિંમત છે. મંદિરમાં ભગવાન સમક્ષ કોઈ લાડવો મૂકે તે નૉર્મલ લાડવો લાગે, પણ પ્રસાદ છે એટલે બધા થોડો પણ લે. એ શું છે ? તો ભગવાનની દિવ્યતા એની સાથે આવે છે. એટલે જમીએ એ પ્રભુએ આપેલ પ્રસાદ છે એવું માનીને પ્રસાદરૂપે જમીએ તો સ્વાદની ઈન્દ્રિય બુઠ્ઠી થઈ જાય. દર્શન કરીએ તો પ્રભુના ભાવથી દર્શન કરીએ તો રૂપ ને બધી ઈન્દ્રિયો બુઠ્ઠી થઈ જાય. સ્પર્શ પ્રભુના ભાવથી કરીએ તો સ્પર્શની ઈન્દ્રિય બુઠ્ઠી થઈ જાય. એમ, પાંચ કર્મેન્દ્રિયથી પાંચ વૃત્તિ થાય, પણ ભગવાનને રાખીને કરીએ તો મનની ધારા કુંઠિત થાય, થાય ને થાય જ. અહંતા-મમતા, કામ-ક્રોધના દોષ ઓગાળવા માટે લોકો ઉગ્ર તપશ્ચર્યા કરે છે તોય ઓગાળી નથી શકતા. તો મહારાજે કહ્યું કે, એવા સત્પુરુષના સાંનિધ્યમાં રહીને તમે આ બધું કરો તો મનની ધારા બુઠ્ઠી-કુંઠિત થઈ જશે. દોષમાત્ર ટળી જશે.

**એ પંચવિષયને વિષે ક્યાંઈ પ્રીતિ રહે નહીં અને જ્યારે કોઈ રૂપવાન સ્ત્રી દેખાય...**

તમે જુઓ, અમારા ઘણા વ્રતધારીઓ એવા હતા કે, એમને સાધુ નહોતું થવું, એમને એવી ઈચ્છા નહોતી. પણ ઘણા યુવાનો વૅકેશનમાં અહીં આવીને રહ્યા. મહારાજે આ જે કહ્યું કે, તમે સાવ કોરી સ્લૅટ હોવ, તમારા ઍટિટ્યૂટ સાવ નૅગેટિવ હોય, પણ જ્યાં સાધુ રહેતા હોય, નમી-ખમીને સૌ રહેતા હોય ત્યાં જઈને તમે સેવા-પૂજા-પ્રાર્થના કરો તો તમે બદલાવ, બદલાવ ને બદલાવ જ. અને તમે મોટા નિયમ-ધર્મ ને બધું પાળતા હોવ, પણ મૅનહટન જેવા ઍરિયામાં તમે રહો તો ક્યારે આ નિયમ-ધર્મ ને બધું છૂટી જશે એની તમને ખબર પણ નહીં પડે. પણ સત્પુરુષની સાથે તમે મૅનહટનમાં રહો તો પણ નૉ પ્રૉબ્લેમ ! મહારાજે આ કહ્યું. આપણા સ્વામિનારાયણ, જૈન, વૈષ્ણવ સંપ્રદાયમાં એવા અનેક પ્રતાપી સાધુઓ છે કે, જેમણે હજારો યુવાનોને આ રીતે જીવતા કરી સાચા માર્ગે દોર્યા છે. મહારાજે કહ્યું, 'અમે મૂર્તિઓ દ્વારા પ્રગટ રહીશું, સાધુઓ દ્વારા પ્રગટ રહીશું ને શાસ્ત્રો દ્વારા પ્રગટ રહીશું.'

તમે જો કોઈ સાધુને પૂછો તો પછી તેઓ કહે તેમ કરો. પણ જો તમને સાધુનો યોગ ના હોય તો મૂર્તિ પાસે જઈને પ્રાર્થના કરો તો મહારાજ કહે, 'અમે તમને જવાબ આપીશું અને ગુંચાવ તો 'વચનામૃત' કાઢીને વાંચશો તો એમાંથી તમને જવાબ મળશે.' આટલી ઑથેન્ટિક વાત શ્રી સ્વામિનારાયણ ભગવાને કરી છે. ભગવાન શ્રી રામ, ભગવાન શ્રી કૃષ્ણ, ભગવાન શ્રી મહાવીર, ભગવાન શ્રી બુદ્ધ, શ્રી સ્વામિનારાયણ ભગવાન-તેઓ મારાં-તમારાં ઉત્થાન કરવા આવ્યા છે ને તેઓએ જે વાતો કરી એ આત્મલક્ષી છે-આત્માના ઉત્થાન માટે છે. આધ્યાત્મિક ઉત્થાન કરવું એ માનવજીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય છે. મોંઘામાં મોંઘા માનવદેહનો આ રીતે શ્રેષ્ઠ ઉપયોગ કરીએ.

પૈસા પ્રૉબ્લેમ નથી કે તમે ભણો એ પ્રૉબ્લેમ નથી કે સમાજમાં મોટા હોદ્દા પર હોવ એ પ્રૉબ્લેમ નથી. પણ, ભગવાનના થઈને નથી જીવતા એ પ્રૉબ્લેમ છે. ભગવાનના થઈને જીવો, સત્પુરુષને રાખીને આખી દુનિયાનું રાજ કરોને, તો ભગવાન કહે, એ તમને બંધનરૂપ નહીં થાય. પણ તમારી જાતે લંગોટીભેર રહેશો તો લંગોટી પણ તમને બંધનરૂપ થશે. એટલે ભગવાનને રાખીએ તો કાંઈ બંધન થાય નહીં. ભગવાનને ને સત્પુરુષને રાખવા એ શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું.

શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

આધ્યાત્મિક ઉત્થાન કરવું એ
માનવજીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય છે.
મોંઘામાં મોંઘા માનવદેહનો
શ્રેષ્ઠ ઉપયોગ કરીએ.

